# IBSA Sherpas' Meeting (6 August, 2020)

August 06, 2020

## IBSA રાષ્ટ્રોનાં વડાઓનાં પ્રતિનિધિઓની બેઠક (6 ઓગસ્ટ, 2020)

ઓગસ્ટ 06, 2020

1. IBSA (ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા) રાષ્ટ્રોનાં વડાઓનાં પ્રતિનિધિઓની બેઠક 6 ઓગસ્ટ 2020 નાં રોજ વિડીયો કોન્ફરન્સ મારફત યોજાઇ હતી.

2. વિદેશ મંત્રાલયમાં સચિવ (આર્થિક સંબંધો), શ્રી રાહુલ છાબરાએ ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું. દક્ષિણ આફ્રિકા ગણરાજ્યનાં શ્રી ડાવે માલ્કોમસન અને ફેડરેટિવ રીપબ્લિક ઑફ બ્રાઝિલનાં રા|ટ્ર વડાનાં પ્રતિનિધિ એમ્બ. નોર્બેર્ટોએ આ બેઠકમાં તેઓનાં સંબંધિત પ્રતિનિધિ મંડળોનું નેતૃત્વ કર્યું હતું.

3. રાષ્ટ્ર વડાનાં પ્રતિનિધિઓએ IBSA અંતર્ગત તેઓની અંતિમ બેઠક પછી થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. IBSA રાષ્ટ્રોનાં વડાઓનાં પ્રતિનિધિઓએ સંયુક્ત કાર્યકારી જૂથોનાં કાર્યની પણ સમીક્ષા કરી હતી.

4. IBSA માં થઇ રહેલી પ્રગતિ પર રાષ્ટ્રોનાં વડાઓનાં પ્રતિનિધિઓએ ખુશી વ્યક્ત હતી હતી. રાષ્ટ્રોનાં વડાઓનાં પ્રતિનિધિઓએ એવી પણ નોંધ લીધે કે ચાલું કોવિડ-19 મહામારીને કારણે સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાનાં અવકાશોમાં IBSA વિદેશ મંત્રીઓની નિયમિત બેઠકો સહિત ગણી બધી પ્રવૃત્તિઓ મુલતવી રાખવામાં આવી છે.

5. રાષ્ટ્રોનાં વડાઓનાં પ્રતિનિધિઓ આ વર્ષનાં અંતમાં દક્ષિણ આફ્રિકાનાં સમુદ્રકાંઠા પર 7મી IBSAMAR (સંયુક્ત નૌસેના કવાયત) યોજવાની આશા વ્યક્ત કરી હતી.

6. IBSA રાષ્ટ્રોનાં વડાઓનાં પ્રતિનિધિઓએ 20 દેશોમાં 31 કરતા વધારે પરિયોજનાઓમાં ફેલાયેલા ગરીબી અને ભૂખ નિવારણ પરનાં IBSA ભંડોળથી કરવામાં આવેલા કાર્ય માટે ફરીથી પ્રશંસા કરી હતી. IBSA ભંડોળે ઘણી પ્રશસ્તિ મેળવી છે.

7. તેઓએ 2017 માં ભારતની પહેલ પર લોન્ચ કરવામાં આવેલા IBSA ફેલોશિપ પ્રોગ્રામની પણ પ્રશંસા કરી હતી. તેઓ IBSA ફેલોશિપ પ્રોગ્રામનાં આગામી રાઉન્ડ માટે આશા રાખી રહ્યા છે.

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 6, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.